ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૨-૨૦૧૨, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

ચૂંટણીમાં કાળા નાણાંની રેલંછેલ : એક અનિવાર્ય અનિષ્ઠ

ચૂંટણી પંચ ગમે તેટલા પ્રતિબંધો લગાવતું રહે પરંતુ માલેતુજાર ઉમેદવારો અને બેશરમ રાજકીય પક્ષો કાળાંનાણાંના જોરે ચૂંટણી જીતી લેવાની એકપણ તક ગુમાવવા તૈયાર નથી. ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ પછી હમણાં ચાલી રહેલી ઉત્તરપૂર્વ પ્રાંતોની ચૂંટણીઓમાં પણ નાણાંની આ રેલંછેલ અકબંધ રહેવા પામી છે. ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા બિનહિસાબી રોકડ નાણાંની અમર્યાદ હેરાફેરી સામે કડક વલણ અખત્યાર કરેલું ત્યારે વેપારીઓના નામે ઊહાપોહ ઊભો કરી કાળાં નાણાંના પ્રવાહને ધસમસતો રાખવામાં હિત ધરાવતાં તત્વોને સફળતા પણ સાંપડી હતી. હાલ ચાલી રહેલા નાગાલેન્ડની વિધાનસભાના ચૂંટણી પ્રચારમાં ચૂંટણી પંચની એક ટુકડીએ હેલિકોપ્ટરમાંથી એક કરોડ જેટલી જંગી રકમ કબજે કરીને સનસનાટી મચાવી દીધી છે. નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (એનપીએફ)ના એક ઉમેદવાર દ્વારા વાપરવામાં આવી રહેલા એક હેલિકોપ્ટરમાંથી આ રોકડ રકમ મળી આવી હતી. ચૂંટણી પંચની ટીમે આવકવેરા વિભાગ અને પોલીસ અધિકારીઓને આ ઘટનાક્રમની જાણ કરી છે જેના અનુસંધાને બેઉ વિભાગો દ્વારા કાર્યવાહી પણ શરૂ થઈ ચૂકી છે. આવડી મોટી જંગી રોકડ રકમના સ્રોત અને સંભવિત ઉપયોગ જેવા મુદ્દે ઊંડી તપાસ કરાશે; જોકે બધાને ખબર હોય છે કે ચૂંટણી પંચ આ રકમ થોડા દિવસ પૂરતી સ્થગિત કરવાથી વિશેષ કશું જ કરી શકવાનું નથી. ઉમેદવાર એના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પાસે ચૂંટણી ખર્ચનો હિસાબ યોગ્ય સમયે રજૂ કરી દેશે અને મામલો સમેટાઈ જશે. ચૂંટણી પંચ દ્વારા વધુમાં વધુ કેટલી રકમ સાથે રાખી શકાય, તે વિશે જરૂરી નિયમાવલી જારી કરી દેવાયેલ છે. પરંતુ આ તમામ નિયમો કોરાણે મૂકી દઈ કાળાં નાણાંના જોરે યેનકેન પ્રકારેય ચૂંટણીમાં વિજય મેળવવાના કારસા ઘડાતા જ રહે છે. ઉમેદવારો પોતાનાં અંગત નાણાં કરતાં સવિશેષ તો ઉદ્યોગગૃહો અને મોટા વેપારીઓનાં નાણાં મતદારોને લલચાવવા માટ અને ચૂંટણી પ્રચારસભાઓ તથા ભોજન-મિજબાનીઓના નિમિત્તે વપરાય છે. બચી ગયેલા પૈસા ઘરભેગા થતા હોય છે. આદર્શ આચાર સંહિતાની મોટી મોટી વાતો થતી રહે છે. પરંતુ નથી તો રાજકીય પક્ષો 'આદર્શ' ઉમેદવારો ઊભા રાખતા કે નથી પંચ તરફથી નક્કી કરાયેલાં આદર્શ ધોરણોને અનુસરતા. ચૂંટણી જીતવા માટે જરૂર પડે ત્યાં બાહુબળ- 'મસલ પાવર'નો પણ નાણાંબળ કહેતાં 'મનીપાવર'ની જેમ જે ઉપયોગ કરાતો હોય છે. હમણાં કેન્દ્રીય મંત્રી બેની પ્રસાદના જન્મદિવસની ઉજવણીમાં અશ્લીલ નૃત્યના કાર્યક્રમના અહેવાલો ચમકયા હતા. આપણા દેશમાં રાજકારણના ક્ષેત્રમાં શરાબ-શબાબ અને કબાબનો ત્રિવેણી સંગમ બહુ જાણીતી અને લગભગ સર્વસ્વીકૃત બાબત છે. ચૂંટણી એ લોકસેવાનું કોઈ રાષ્ટ્રીય કર્તવ્ય-પર્વ નહીં રહેતાં ચૂંટાયા પછી લોકોને લૂંટવા માટેનું જ એક રૂપકડું બહાનું બની રહેલ છે. ચૂંટાયા પછી ખરચાયેલાં નાણાં ઘોડા વ્યાજ સાથે વસૂલ થવાનાં જ છે, એની દરેક ઉમેદવારને અને સત્તા માટે ઝઝૂમતા દરેક રાજકીય પક્ષ કે સંગઠનને આગોતરી ખાતરી હોય છે. તેથી બંધારણીય ચોકઠામાં ગોઠવાઈ જઈ હિત ધરાવતાં તત્વો ચૂંટણીનો જંગ લડવા માટે મોટા મોટા આદર્શ ઢંઢેરા બહાર પાડે છે, સેવાની ગુલબાંગો પોકારે છે તો ક્યારેક દુખિયારી પ્રજાના નામે મગરનાં આંસુ પણ સારી લે છે. બે કોમો વચ્ચે જરૂર પડ્યે કોમી દાવાનળ ફેલાવવા માટે પણ આવાં કાળાં નાણાં જ ખપ લાગતાં હોય છે. ભલાભોળા મતદારો આવાં ચૂંટણી વચનો, ધર્મ-કોમના નામે થતી હૃદયસ્પર્શી વાતો અને ઊજળા ભવિષ્ય અંગે રજૂ કરાતાં મેઘધનુષી સપનાંથી ભરમાઈને ગેરમાર્ગે દોરવાતા રહે છે. રાજકારણીઓ ચાલાકી પૂર્વક પહેલાં એમના મતો લૂંટી લે છે અને પછી દેશને લૂંટવાના કાર્યક્રમમાં પરોવાઈ જાય છે.

સોજા હાઈસ્કૂલની પ્રકૃતિ શિક્ષણ શિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના સોજા ગામની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં તાજેતરમાં ત્રિ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ હતી. વન સંશોધન કેન્દ્ર ગાંધીનગર ખાતે શાળાના ૫૪ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા કલબ દ્વારા તાજેતરમાં ત્રિ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વન સંશોધન કેન્દ્ર, ગાંધીનગર ખાતે આયોજીત સદર શિબિરમાં શાળાની ઈકો કલબના ૫૦ બાળકો અને ૪ સારસ્વત મિત્રોએ અને પક્ષી દર્શન, વન ભ્રમણ, કેમ્પ ફાયર, ચિત્ર સ્પર્ધા, ટ્રેકિંગ, ફિલ્મ શો વગેરે દ્વારા જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

કલોલ તાલુકાની સોજા ગામની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલની કલરવ ઈકો ક્લબ દ્વારા તાજેતરમાં ત્રિ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વન સંશોધન કેન્દ્ર, ગાંધીનગર ખાતે આયોજીત સદર શિબિરમાં શાળાની ઈકો કલબના ૫૦ બાળકો અને ૪ સારસ્વત મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્રિ દિવસીય શિબિર દરમિયાન પક્ષી દર્શન, વન ભ્રમણ, કેમ્પ ફાયર, ટ્રેકીંગ, ચિત્ર સ્પર્ધા, સર્જનાત્મક કલાકારીગરી, અભયારણ્ય, નિરીક્ષણ, ગ્લોબલ વોર્મિંગ, ફિલ્મ શો-નિદર્શન, પ્રશ્નોત્તરી સ્પર્ધા-પ્રશ્ન મંચ, ઈનામ વિતરણ, વન્ય જીવ-નિદર્શન, વનસ્પતિ ઉદ્યાન મુલાકાત વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. બાળકોમાં સાહસ, પ્રકૃતિ પ્રેમ, જીવ દયા, નેતાગીરી, અવલોકન ક્ષમતા વગેરે ગુણો કૌશલ્યો વિકસે તે ઉદ્દેશથી સદર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ એક અખબારી યાદીમાં ઈકો ક્લબ ઈન્ચાર્જ ભરતભાઈ પટેલે જણાવ્યું હતું.

સાહેબ, સાચૂ કહુ.. આપના કહેવા મુજબ ડ્રાઈવીંગ કરવામાં એટલી સેફટી લાગે છે... બાકી બાજુમાં વાઈફ બેઠી હોયને એના કહેવા મુજબ ડ્રાઈવીંગ કરીને એટલા ચલન ફાટ્યા છે કે વાત ન પૂછો...

આજે નૉલેજ પ્લસ માસિકનો વિમોચન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સ્માર્ટ પબ્લિકેશન દ્વારા ગુજરાત, ભારત અને વિશ્વની ઘટનાઓને દર માસે પ્રગટ કરવાના સંકલ્પ સાથે 'નોલેજ પ્લસ' માસિકનો વિમોચન કાર્યક્રમ આજે ૧૯મી ફેબ્રુઆરી - ૨૦૧૩ને મંગળવારે બપોરે ૩ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે.

નોલેજ પ્લસ માસિકના વિમોચન કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે યુવા સાંસ્કૃતિક મંત્રી રમણલાલ વોરા, ઉદ્ઘાટક તરીકે ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી સૌરભભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે મંત્રી પરબતભાઈ પટેલ, ગૃહમંત્રી રજનીકાન્ત પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહેશે. એમ કલ્યાણસિંહ રંપાવતે ખાસ જણાવ્યું છે.

ઈડીઆઈ ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ઉદ્યોગ સાહસિકતા વિષય અન્વયે દસમી રાષ્ટ્રીય બેનીઅલ કોન્ફરન્સનું આયોજન આગામી તા. ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ઈડીઆઈ કેમ્પસ, ભાટ ખાતે કરવામાં આવ્યું છે.

પ્લાનીંગ કમિશનના સજય શ્રી અરૂણ માઈરા ૨૦મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકેઆ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે કાર્યરત સંશોધકો, શિક્ષણવિદો અને ઉદ્યોગ સાહસિકો આ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેશે અને પોતાના વિચારો તથા અનુભવોનું આદાન-પ્રદાન કરશે. આ કોન્ફરન્સ તેમના માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે. ઉદ્યોગ સાહસિકતાના જુદા જુદા વિષયો અંગે ત્રણ દિવસ દરમિયાન ચર્ચાઓ થશે. જેમાં દેશ-વિદેશની આંતર પ્રિનિયોર સંસ્થાઓના વિદ્યાર્થીઓ હાજર રહીઆ કોન્ફરન્સનો લાભ લેશે. સમગ્રવિશ્વ મંદીના દોરમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ઉદ્યોગ સાહસિકતા જ એક એવું ક્ષેત્ર છે જે રોજગારીની તકો ઉભી કરી શકે છે. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સેન્ટર ફોર રીસર્ચ ઈન એન્ટ્રૂ પ્રિનિયોરશીપ એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ (ઝઈઈઈઠ્ઠ)નો સહયોગ પ્રાપ્ત થયો છે.

અખિલ ભારતીય ડાક બાસ્કેટ બોલ સ્પર્ધાનો ૨૧મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ અને અધ્યક્ષ, ગુજરાત સર્કલ ડાક ખેલકૂદ બોર્ડ દ્વારા ૨૬મી અખિલ ભારતીય ડાક બાસ્કેટ બોલ પ્રતિયોગિતાનો ઉદ્ઘાટન સમારંભ તા. ૨૧મી ફેબ્રુઆરી-૨૦૧૩ને ૧૦.૩૦ કલાકે એ.પી.ટી. ઈન્ડોર સ્ટેડીયમ, ભારતીય ખેલ પ્રાધિકરણ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે.

૨૬મી અખિલ ભારતીય પોસ્ટલ બાસ્કેટ બોલ ટૂર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના પ્રતિષ્ઠિત બાસ્કેટ બોલ ખેલાડી હરપાલસિંહ વાઘેલા અને સમાપન સમારોહ ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ ૪ કલાકે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારતીય ખેલ પ્રાધિકરણ ગાંધીનગરના નિર્દેશક એમાં શ્યામ સુંદર ઉપસ્થિત રહેશે.

જલારામ સેવા સમાજ દ્વારા ધોરણ ૧૧ ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા ધોરણ ૧૧-૧૨ના વિદ્યાર્થીઓને બિરદાવવા શુભેચ્છા સમારોહ યોજાયો હતો.

શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ અમૃતભાઈ ડી. ઠકકરે દીપ પ્રાગટ્ય કરી સમારંભને ખુલ્લો મુક્યો હતો. મહેમાન પજે અરવિંદભાઈ રાણા તથા હોદ્દેદારો હાજર રહ્યાં હતાં.

ધોરણ-૧૦ના વિદ્યાર્થઈઓનું કારોબારી સભા નટુભાી વી. ઠકકડ દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓનું કારોબારી સભ્ય બિપીનભાઈ ઠકકરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આભારવિધિ જીતેન્દ્રભાઈ સેજાણીએ કરી હતી. સમારંભનું સંચાલન રમેશભાઈ પુજારાએ કરી હતી.

ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટમાં સ્પ્રીંગ ફેસ્ટ-૨૦૧૩ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલા ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટમાં તાજેતરમાં સ્પ્રીંગ ફેસ્ટ-૨૦૧૩ યોજાઈ હતી. જેમાં એમ.સી.એ. સેમીસ્ટર-૨ અને સેમીસ્ટર-૪ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પ્રીંગ ફેસ્ટ - ૨૦૧૩ કાર્યક્રમની શરૂઆતમાં બોલીવુડ બેઝ રાખવામાં આવ્યો હતો. જેમાં ફિલ્મ જગત વિશેની માહિતી ઉપર અલગ અલગ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બી.સી.એ.ની વિદ્યાર્થીનીઓએ પણ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બધાએ રસપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં સેમીસ્ટર-૪ની વિદ્યાર્થીનીએ પ્રથમ નંબરે વિજેતા બની હતી. ત્યારબાદ પેરેલલ ચાલતી ઈવેન્ટ્સ જેવી કે, રંગોળી સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું પણ સરસ આયોજન થયું હતું. વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં સુંદર અને આકર્ષક રંગોળી બનાવી હતી. સારી રીતે મહેંદી પણ મૂકી હતી. છેલ્લે જાહેર કરેલ પરિણામમાં રંગોળી સ્પર્ધામાં અને મહેંદી સ્પર્ધામાં સેમીસ્ટર-૪ની વિદ્યાર્થીનીઓ વિજયી બની હતી. કાર્યક્રમના અંતે એક્સપર્ટ સેસનમાં આર્ટ્સ કોલેજમાંથી આવેલ તજજ્ઞ પ્રતિભાબેને વિદ્યાર્થીનીઓને ફ્લાવર મેકીંગ અને પોટ પેઈન્ટીંગ ખૂબ સરસ રીતે શીખવ્યું હતું. કુકીંગ અને ગેમ પ્લેઈંગ સ્પર્ધામાં બધા જ સેમીસ્ટરની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કુકીંગ સ્પર્ધામાં સેમીસ્ટર-૨ અને ગેમ પ્લેઈંગમાં સેમીસ્ટર-૪ની વિદ્યાર્થીનીઓ વિજયી બની હતી. ડ્રામા કોમ્પીટીશનમાં સેમેસ્ટર-૨ની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી તથા ડાન્સ કોમ્પીટીશનમાં સેમીસ્ટર-૪નીવિદ્યાર્થીનીઓ પ્રથમ આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અર્પિતા પટેલ અને પ્રશાંત જાદવ દ્વારા કરવામાં આવ્યું છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મહિલા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના સરગાસણ મુકામે આવેલી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત મહિલા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થીનીઓ તથા કર્મચારી બહેનોને સેકટર-૧૬ મહિલા પોલીસ પી.આઈ. દ્વારા જાતીય સતામણીથી સલામત કેવી રીતે રહેવું તે અંગે માર્ગદર્શ આપવામાં આવ્યું હતું.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ, ગાંધીનગર મુકામે મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત સેક્ટર-૧૬ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓ તથા શાળાની સ્ટાફ બહેનોને સેક્ટર-૧૬ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એસ. પટેલે રૂબરૂ તેમના સ્ટાફ સાથે શાળાની વિદ્યાર્થીઓને તેમજ શાળાની સ્ટાફ બહેનોને તેમના વ્યવસાયિક સ્થળે તથા અંગત રહેણાંક કે અન્ય સ્થળે જાતીય કનળગતથી કેવી રીતે સલામત રહેવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ૫૫ વિદ્યાર્થીનીઓ અને ૧૦ સ્ટાફની બહેનો રૂબરૂ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું હતું.

TAT/TET/ આગામી RMSA કર્મયોગી શિક્ષકો માટે ઉપયોગી પ્રશ્નોત્તર

સામાન્ય જ્ઞાન કસોટી-૫

(૧) N.C.E.R.T એ શું છે?
(ક) નેશનલ કમિટી ફૉર એજ્યુકેશન
(ખ) નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન
(ગ) નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્સ એન્ડ ટેનિંગ
(ઘ) કાઉન્સિલ ઑફ એજ્યુકેશન

(૨) શિક્ષણની તાલીમ કૉલેજોમાં ભારત સરકારની કઈ સંસ્થા દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે?
(ક) U.G.C (ખ) GIEET
(ગ) NIC (ઘ) CABE

(૩) માધ્યમિક કક્ષાએ અમલમાં મુકાયેલા નવા અભ્યાસક્રમ અંગેના તાલીમ વર્ગોનું આયોજન કઈ સંસ્થાએ કર્યું છે?
(ક) ગુ.મા. શિ. બોર્ડ
(ખ) GCERT
(ગ) N.C.E.R.T
(ઘ) DIET

(૪) ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી ક્યાં છે?
(ક) સોમનાથ (ખ) જુનાગઢ
(ગ) પાટણ (ઘ) દાંતીવાડા

(૫) હાલ કયા ધોરણના બાળકો પ્રખરતા શોધ પરીક્ષા ફેબ્રુઆરી-૧૩માં આપશે?
(ક) ૬ અને ૮ (ખ) ૭ અને ૮
(ગ) ૯ (ઘ) ૯ અને ૧૦

(૬) ગુજરાતનાં જાણીતાં માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિકનું પ્રકાશ -
(ક) રાજય પરીક્ષા બોર્ડ કરે છે
(ખ) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી કરે છે
(ગ) જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર કરે છે
(ઘ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, (ગાંધીનગર) કરે છે

(૭) સર્વ સિક્ષા અભિયાનના લોગોમાં કયું સ્લોગન છે?
(ક) ચલો, સ્કૂલ ચલે હમ
(ખ) શિક્ષણ એ જ ઉદ્દેશ્ય
(ગ) સૌ ભણે, સૌ આગળ વધે
(ઘ) આવો આગે બઢે

(૮) ભારતીય તત્ત્વચિંતકોમાં નીચેના પૈકી કોણ પ્રકૃતિવાદના સમર્થક હતા?
(ક) ગુરૂદેવ ટાગકોર
(ખ) સ્વામી વિવેકાનંદ
(ગ) ગાંધીજી
(ઘ) મહર્ષિ અરવિંદ

(૯) શિક્ષણમાં પ્રશ્નોત્તરી પધ્ધતિનાં જનક કોણ છે?
(ક) સોક્રેટિસ (ખ) એરિસ્ટોટલ
(ગ) રૂસો (ઘ) હર્બાટ

(૧૦) શિક્ષણની ત્રણ જવાબદારીઓ કોણે જણાવી છે?
(ક) સ્ટિફન્સ
(ખ) સી.ટી. મોર્ગન
(ગ) સ્કીનર
(ઘ) થોર્નડાઇક

(૧૧) થોર્ડાઈકે કોના પર પ્રયોગો કર્યા?
(ક) ઉંદર (ખ) બિલાડીઓ
(ગ) કૂતરાઓ (ઘ) વાનરો

(૧૨) અભ્યાસક્રમ કોને પોષે એવો હોવો જોઈએ?
(ક) બુદ્ધિ (ખ) વૈયક્તિક તફાવતો
(ગ) રૂચિ (ઘ) સામાજિકતાને

(૧૩) બાળકના સામાજિકરણમાં કોનો અર્થપૂર્ણ ફાળો હોય છે?
(ક) શાળા
(ખ) સમવયસ્કો
(ગ) સંચાર માધ્યમો
(ઘ) કુટુંબ

(૧૪) અધ્યયનની પ્રક્રિયાને વિસ્તૃત રીતે કોણે સમજાવી છે?
(ક) સી.ટી.મોર્ગન (ખ) ડેશીલ
(ગ) ટર્મ (ઘ) સ્કીનર

(૧૫) આંતરસૂઝ દ્વારા શિક્ષણના પ્રયોગો કોણે કર્યા હતા?
(ક) થોર્નડાઇક (ખ) કોલહર
(ગ) ફ્રોઇડ (ઘ) એડલર

(૧૬) અધ્યયન સંક્રમણ સાથે કોનું નામ જોડાયેલું છે?
(ક) કોલહર
(ખ) ટોલમેન
(ગ) થોર્નડાઇક
(ઘ) હલ

(૧૭) પ્રથમ વ્યક્તિગત બુદ્ધિ કસોટી કોણે રચી હતી?
(ક) બિને અને સાયમન
(ખ) સ્ટર્ન
(ગ) વેક્સલર
(ઘ) ટર્મન

(૧૮) વ્યક્તિમાં છૂપાયેલી માનસિક શક્તિને શું કહેવામાં આવે છે?
(ક) બુધ્ધિ
(ખ) અભિયોગ્યતા
(ગ) સર્જનાત્મકતા
(ઘ) અભિરૂચિ

(૧૯) બીજાઓની સિધ્ધિઓ સંતોષ પોતે માને તેને કંઈ બચાવપ્રયુક્તિ કહેવામાં આવે છે?
(ક) પ્રક્ષેપણ (ખ) તાદાત્મય
(ગ) યૌક્તિકીકરણ (ઘ) દમન

(૨૦) ટૂંકજવાબી પ્રશ્નથી શું લાભ થાય?
(ક) શિક્ષકનો સમય બચે
(ખ) પ્રશ્નો સરળતાથી રચાય
(ગ) વધારે વિષયવસ્તુ આવરી શકાય
(ઘ) ગુણાંકન સંપૂર્ણ અનાત્મલક્ષી થાય

(૨૧) ક્રિયાત્મક સંશોધનનાં પરિણામો કોને ઉપયોગી છે?
(ક) સંશોધન તજજ્ઞને
(ખ) વિશાળ સમૂહને
(ગ) કોઈ એક શાળા કે કોઈ એક વર્ગ
(ઘ) જિલ્લાની તમામ શાળાઓ

(૨૨) ક્રિયાત્મક સંશોધનના પ્રણેતા કોણ હતા?
(ક) વિલ્હેમ વુન્ટ
(ખ) પાવલોવ
(ગ) થોર્નડાઇક
(ઘ) સ્ટીફન કોરે

(૨૩) ક્રિયાત્મક સંશોધનના પ્રણેતા કોણ હતા?
(ક) માત્ર શિક્ષક
(ખ) જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓ
(ગ) સંશોધન તજજ્ઞ
(ઘ) સંશોધન માટે મોટું બજેટ ધરાવનાર

(૨૪) વિશ્વના કોઈ પણ વિષયના કોઈ એક એકમ પરનું જ્ઞાન કયા સ્ત્રોત દ્વારા ઘેર બેઠા મેળવી શકાય?
(ક) વિશ્વકોશ (ખ) ઈન્ટરનેટ
(ગ) ટેલિવિઝન (ઘ) પુસ્તકો

(૨૫) નીચેનામાંથી કયા ઉપકરણની મદદથી કાગળ પરનું ચિત્ર પડદા ઉપર મેળવી શકાય છે?
(ક) ઑવરહેડ પ્રોજેક્ટર
(ખ) સ્લાઈડર પ્રોજેક્ટર
(ગ) એપિડાયોસ્કોપ
(ઘ) ફિલ્મ પ્રોજેક્ટર

ઉત્તરો :

(૧) ગ (૨) ક (૩) ક (૪) ક (૫) ગ (૬) ઘ (૭) ગ (૮) ક (૯) ક (૧૦) ક (૧૧) ખ (૧૨) ગ (૧૩) ઘ (૧૪) ખ (૧૫) ખ (૧૬) ખ (૧૭) ક (૧૮) ખ (૧૯) ખ (૨૦) ગ (૨૧) ગ (૨૨) ઘ (૨૩) ખ (૨૪) ખ (૨૫) ગ

(ક્રમશઃ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર